### પોલીસ ભરતી માટેની પરીક્ષા

# ઉમેદવારના કપડાંમાં માઈક્રો સિમ-એડપ્ટર, એરફોન કરાયાં જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* પોલીસદળમાં સિપાઇના પદ માટેની લેખિત પરીક્ષા આપવા માટે આવેલા ડમી ઉમેદવારોને બુધવારે સહાર અને વી.પી. રોડ પોલીસે પકડી પાડ્યા બાદ ભાંડુપમાં પણ કપડાંમાં એરફોન તથા માઇક્રો સિમ-એડપ્ટર છુપાવીને લેખિત પરીક્ષા આપવા આવેલા ઉમેદવારને પકડી પાડવામાં આવ્યો હતો. વરલી વિસ્તારમાં રહેનારા આ ઉમેદવાર વિરુદ્ધ ભાંડુપ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભાંડુપ પશ્ચિમમાં શિવાજી તળાવની નજીક આવેલી શાળામાં પોલીસ સિપાઇના પદ માટેની લેખિત પરીક્ષા બુધવારે રાખવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્ર પર દેખરેખ રાખવાની જવાબદારી ભાંડુપ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કેદારેને સોંપાઇ હતી. આ ઉપરાંત અન્ય અધિકારીઓને પણ સૂચના અપાઇ હતી. દરમિયાન શાળામાં ત્રીજા માળના ક્લાસ નંબર-૧૦માં પરીક્ષા આપવા આવેલો એક ઉમેદવાર પોતાના ગાલ પર હાથ લગાવીને કાંઇક બોલવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેની હિલચાલ શંકાસ્પદ જણાતાં ક્લાસમાં હાજર કોન્સ્ટેબલે આ અંગેની જાણ પીએસઆઇ કેદારેને કરી હતી.

દરમિયાન પરીક્ષા કેન્દ્રમાં હાજર એસીપીને આની માહિતી આપવામાં આવી હતી. બાદમાં ઉપરોક્ત ઉમેદવારની ઝડતી લેવામાં આવી હતી, જેમાં તેના કપડાંમાં અંદરના ભાગે નાનું ઇલેક્ટ્રોનિક મશીન ચોંટાડેલું નજરે પડ્યું હતું. આ મશીન સાથે તાર જોડવામાં આવ્યો હતો અને તેને કપડામાં છુપાવી ઉપરથી સિલાઇ મારવામાં આવી હતી. આ તારની ઉપર એરફોન પણ જોડવામાં આવ્યો હતો. માઇક્રો સિમ-એડપ્ટર નામના મશીનમાં સિમકાર્ડ વાપરીને એરફોનથી કોઇ પણ વ્યક્તિ સાથે સંપર્ક સાધી શકાતો હોવાનું તપાસમાં જણાયું હતું. દરમિયાન આ ઉમેદવારની પૂછપરછ કરવામાં આવતાં તેનું નામ ગણેશ શંકર રાણે હોવાનું અને તે વરલી વિસ્તારમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.■



### અકસ્માત

મુલુંડ પશ્ચિમમાં એમ.જી. રોડ પર, ગણેશ ગાવડે રોડ જંક્શન પર ગુરુવારે વહેલી સવારે છ વાગ્યાને સુમારે ટ્રકના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને તે બેસ્ટની બસ સાથે ભટકાઇ હતી. બાદમાં ટ્રક ત્યાં નજીકમાં આવેલી દુકાનો સાથે ટકરાઇ હતી. આ અકસ્માતમાં બે દુકાનને ખાસ્સું નુકસાન પહોંચ્યું હતું. આ અકસ્માત બાદ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

# ₹ ૭.૪૦ લાખના મેફેડ્રોન સાથે યુવકની ધરપકડ: આઠ લાખની રોકડ પણ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* ગોરેગામમાં રૂ. ૭.૪૦ લાખની કિંમતનું મેફેડ્રોન નામનું પાર્ટી ડ્રગ્સ સપ્લાય કરવા આવેલા ૨૫ વર્ષના યુવકને મુંબઈ પોલીસના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) પકડી પાડ્યો હતો. ખાર વિસ્તારમાં રહેનાર આ યુવક પાસેથી ડ્રગ્સની સાથે આઠ લાખની રોકડ પણ હસ્તગત કરવામાં આવી હતી. પકડાયેલા યુવકને સ્થાનિક અદાલતમાં હાજર કરવામાં આવતાં મેજિસ્ટ્રેટે તેને ૨૨ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. એન્ટિ નાર્કોટિક્સ સેલે ધરપકડ કરેલા યુવકની ઓળખ સૂરજ બનવારીલાલ ગુપ્તા (૨૫) તરીકે થઇ હતી.

એએનસીના કાંદિવલી યુનિટના અધિકારીઓને માહિતી મળી હતી કે મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ વેચનારો સૂરજ નામનો યુવક બુધવારે બપોરે ડ્રગ્સ સપ્લાય કરવા માટે ગોરેગામ પૂર્વમાં આરે જિમ્નેશિયમ એન્ડ એક્ટિવિટી સેન્ટર નજીક બસસ્ટોપ પાસે આવવાનો છે. આથી અધિકારીઓએ એ સ્થળે છટકું ગોઠવ્યું હતું અને સૂરજ બનવારીલાલ ગુપ્તાને તાબામાં લીધો હતો.સૂરજ ગુપ્તાની ઝડતી લેવામાં આવતાં તેની પાસેથી રૂ. ૭.૪૯ લાખની કિંમતનું ૩૭૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું. ઉપરાંત આઠ લાખની રોકડ પણ તેની પાસેથી જપ્ત કરવામાં આવી હતી. સૂરજ ગુપ્તાની કરેલી પૂછપરછમાં એવું જાણવા મળ્યું હતું કે કુર્લા વિસ્તારમાં રહેતા અન્વર લાલા નામના શખસ પાસેથી સૂરજે આ ડ્રગ્સ મેળવ્યું હતું અને તે સાંતાક્રુઝમાં રહેતા મોહંમદ આરિફ શેખ ઉર્ફે સોનું નામના શખસને ડ્રગ્સ પહોંચાડવા માટે ગોરેગામમાં આવ્યો હતો. પોલીસ હવે મોહંમદ આરિફ શેખ અને અન્વર લાલાની શોધ ચલાવી રહી છે. ■

# નાળાસફાઈને મુદ્દે રેલવે-પાલિકા ફરી સામસામે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મુંબઈમાં રેલવેની હદમાં આવેલા નાળાસફાઈને મુદ્દે વર્ષોથી મુંબઈ મહાનગરપાલિકા અને રેલવે એકબીજા પર દોષારોપણ કરતી આવી છે. ત્યારે દર વર્ષની માફક આ વર્ષે પણ પાલિકાએ રેલવેની હદમાં આવેલા નાળાઓની સફાઈ માટે રેલવેને લગભગ સવા ચાર કરોડ રૂપિયા ફાળવ્યા છે પણ રેલવેની હદમાં આવેલા નાળાઓની સફાઈ કેટલી થઈ છે તે બાબતે રેલવેએ પાલિકાને કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો નથી એવો દાવો પાલિકા તરફથી થઈ રહ્યો છે ત્યારે શુક્રવારે મુંબઈ મહાનગર પાલિકાના કમિશનર અજોય મહેતાએ મધ્ય રેલવેના જનરલ મેનેજર સાથે રેલવેની હદમાં ચાલી રહેલી નાળાસફાઈનું નિરીક્ષણ કર્યું હતું.

પશ્ચિમ, મધ્ય અને હાર્બર લાઈનની રેલવેની હદમાં લગભગ ૧૪૦ નાના-મોટા નાળાં આવેલા છે. જેમાં કુર્લા-કારશેડમાં આવેલું નાળું સહુંથી મોટું કહેવાય છે. નાળાઓની સફાઈ યોગ્ય રીતે કરવામાં નહીં આવવાને કારણે ચોમાસામાં થોડો પણ વરસાદ પડે તો તેના પાણી રેલવેના પાટા પર ભરાઈ જવાને કારણે રેલવ્યવહાર ખોરવાઈ જતો હોય છે અને તેનો ત્રાસ મુંબઈગરાને સહન કરવો પડે છે. તે માટે રેલવે અને પાલિકા પોતાની પર જવાબદારી લેવાને બદલે એકબીજા પર જવાબદારી નાખીને હાથ ઉપર કરી નાખતા હોય છે. રેલવેની હદમાં આવેલા નાળાઓની સફાઈ માટે દર વર્ષે પાલિકા મધ્ય તથા પશ્ચિમ રેલવેને મોટી રકમ ફાળવતી હોય છે પણ રેલવે દ્વારા યોગ્ય રીતે નાળાની સફાઈ કરવામાં આવતી નહીં હોવાને કારણે ચોમાસામાં થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જતા હોય છે અને તે માટે સુધરાઈને જવાબદાર ગણવામાં આવે છે એવો દાવો સુધરાઈના અધિકારીએ કર્યો હતો. તે મુજબ આ વર્ષે પણ સુધરાઈએ રેલવેને લગભગ સવાચાર કરોડ રૂપિયા ફાળવ્યા છે. જેમાંથી મધ્ય રેલવે તથા હાર્બર લાઈન માટે બે કરોડ ૭૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે. પાલિકા નાળાસફાઈ માટે રકમ રેલવેને આપે ત્યારબાદ ચોમાસામાં નાળા ભરાય નહીં તેની જવાબદારી રેલવેની હોય છે. રેલવેએ કરેલા દાવા મુજબ તેઓએ નાળાની સફાઈનું કામ ચાલી કરી દીધું છે. શુક્રવારે સુધરાઈ કમિશનર અજોય મહેતાએ મધ્ય રેલવેના જનરલ મેનેજર ડી.કે.શર્મા સાથે સીએસટીથી માનખુર્દ વચ્ચે હાર્બર લાઈન પર નાળાસફાઈનું નિરીક્ષણ કર્યું હતું. ■

# ૨૨ લાખની છેતરપિંડી: વયોવૃદ્ધ વકીલને જામીન

*મુંબઇ:* વકીલ હોવાનો દાવો કરી પોતાના અસીલ સાથે ૨૨ લાખ રૂપિયાની છેતરપિંડી કરવાના કેસમાં મુંબઇ હાઇ કોર્ટે ૯૩ વર્ષીય વકીલને જામીન આપ્યા છે અને અસીલ તેમજ આરોપી વકીલની ઉંમરને ધ્યાનમાં લઇ રોજે રાજ કેસની સુનાવણી કરી ત્રણ મહિનામાં તેનો નિવેડો લાવવા જણાવ્યું છે.

બનાવની વિગત મુજબ બાલાસાહેબ ચૌધરી જ્યારે આવકવેરા વિભાગમાં કામ કરતા હતા, ત્યારે તેમની ફરિયાદી રમેશચંદ્ર બાફના સાથે તેમની ઓળખાણ થઇ હતી. બાફનાને જ્યારે ખબર પડી કેચૌધરી જાણીતા વકીલ છે, ત્યારે ૨૦૦૯થી ૨૦૧૪ સુધીમાં તેણે બે કેસમાં ચૌધરીની વકીલ તરીકે મદદ લીધી ને તેમની ફી પેટે તેમને ૨૨ લાખ રૂપિયા પણ ચૂકવ્યા. જ્યારે ચૌધરીએ વધુ રકમની માગણી કરી, ત્યારે બાફનાને ખબર પડી કે ચૌધરી પાસે વકીલાત કરવાનું લાઇસન્સ જ નથી. તેણે ચૌધરી સામે કોર્ટમાં કેસ કર્યો. આરોપનામું દાખલ થયા બાદ ચૌધરીની ધરપકડ થઇ. નાશિક સેશન્સ કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરી. જામીન અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે તેઓ મરણપથારી પર છે. તેમની ઉંમર પણ ઘણી વધારે છે. કોર્ટે ચૌધરીના જામીન મંજૂર કરતા પહેલાં દસ લાખ રૂપિયા તુરંત જમા કરાવવા જણાવ્યું હતું અને રોજે રાજ કેસની સુનાવણી કરી ત્રણ મહિનામાં તેનો નિવેડો લાવવા જણાવ્યું હતું. ■

# એનડીએના શાસનમાં અરાજક્તા, અંધાધૂંધી ફેલાઇ: સેના

*મુંબઇ:* નરેન્દ્ર મોદીની એનડીએ સરકાર આગામી દિવસોમાં શાસનના ત્રણ વર્ષ પૂરાં કરી રહી છે અને મોદી સરકારે દેશ માટે શું કર્યું એના લેખાંજોખાં સહુ કોઇ માંડી રહ્યા છે, ત્યારે સત્તામાં તેમનો ભાગીદાર પક્ષ શિવસેના શા માટે પાછળ રહી જાય અને ભાજપને ખરી-ખોટી સુણાવવાનો મોકો જતો કરે? ભાજપ સરકારના ત્રણ વર્ષના શાસનમાં દેશમાં અરાજક્તા અને અંધાધૂંધી ફેલાઇ છે અને એવા સમયે ભાજપ તેમના ત્રણ વર્ષના શાસનની ઉજવણી કરશે તો તે લોકોના રોષને ઘોળીને પી ગયા છે અને ખેડૂતોની આત્મહત્યા અને જવાનોની શહાદતનું અપમાન કર્યું છે, એમ સામનાના તંત્રીલેખમાં જણાવ્યું હતું.

'ઉજવણી કરવા પાછળ ભાજપ સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. હાલની સરકાર કામ માટે કેટલા રૂપિયા અને પોતાના બણગાં ફૂકવા પાછળ કેટલા રૂપિયા ખર્ચ કરે છે, એનું વર્ગીકરણ થવું જોઇએ. હજારો કરોડ રૂપિયા 'સ્વચ્છ ભારત અભિયાન'માં ખર્ચાઇ ગયા. દેશ સ્વચ્છ થયો? ગંગા નદીની સફાઇની મોંઘી યોજના ચાલુ થઇ. ગંગા નદી સ્વચ્છ થઇ કે સરકારી તિજોરી ખાલી થઇ ગઇ? 'અચ્છે દિન'નું વચન આપીને મોદી સત્તા પર આવ્યા હતા. વિદેશોમાં સંતાયેલુ કાળું નાણું પાછું લાવી લોકોના ખાતામાં રૂ.૧૫ લાખ ભરાવાના હતા. પણ આવું કશું જ થયું નહીં. એના બદલે લોકોને ડિમોનેટાઇઝેશનનો કડવો ઘૂંટડો ગળવો પડ્યો. ભ્રષ્ટાચાર, ફુગાવો અને કાળાં નાણાનાં કાળા નાગને ડામવામાં હાલની સરકાર તદ્દન નિષ્ફળ ગઇ છે. પાકિસ્તાન સામે સખત પગલાં લેવાની વાતો હતી. રોજ દેશનો જવાન સરહદે શહીદ થાય છે અને સરકાર માત્ર ચેતવણીના હાકલાં પડકારા કરીને બેસી જાય છે. (એજન્સી)■

# ગેરકાયદે પૉર્ટેબલ ટોઈલેટ બેસાડવા માટે પાલિકાએ ફટકારી પાંચ સોસાયટીને નોટિસ

*મુંબઈ:* અંધેરીની સૌથી મોટી લક્ષ્મી ઇન્ડસ્ટ્રિયલ ઍસ્ટેટની પાંચ સોસાયટી દ્વારા બે વર્ષ પહેલા સોસાયટીના વિસ્તારોમાં બેસાડવામાં આવેલા પૉર્ટેબલ ટોઇલેટ માટે પાલિકાએ તેમને કારણ જણાવો નોટિસ ફટકારી છે.

વીસ એકરની જમીન પર ફેલાયેલા લક્ષ્મી ઇન્ડસ્ટ્રિયલ ઍસ્ટેટમાં પાંચ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટી આવેલી છે અને ત્યાં જાહેર શૌચાલય ન હોવાને કારણે બે વર્ષ પહેલા સોસાયટીઓ દ્વારા ભંડોળ ભેગું કરીને પૉર્ટેબલ ટોઇલેટ બેસાડવામાં આવ્યા હતા. આ ટોઇલેટનો રોજ ૭૦ જેટલા લોકો નિ:શુલ્ક રીતે ઉપયોગ કરે છે. આ ટોઇલેટ બેસાડવા માટે કોઇ પણ પ્રકારની પરવાનગી લેવામાં આવી નહોતી. તેથી પાલિકાએ તેમને કારણ જણાવો નોટિસ ફટકારી છે. ૧૩મી મેના રોજ કે (પશ્ચિમ) વૉર્ડના અધિકારીએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૮૮ની કલમ ૩૫૧ હેઠળ નોટિસ ફટકારી હતી. આ બાબતે સાત દિવસમાં જવાબ આપવાનું પાલિકાએ સોસાયટીઓને કહ્યું છે.

'પૉર્ટેબલ ટોઇલેટ હટાવવાને બદલે પાલિકાએ તેને નિયમિત કરવાં જોઇએ જેથી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાનમાં મદદ મળશે', એમ એક રહેવાસીએ જણાવ્યું હતું. ■

# છેતરપિંડી કરનારા એમએમઆરડીએના બે એન્જિનિયર સસ્પેન્ડ

*મુંબઈ:* મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)ના બે વરિષ્ઠ એન્જિનિયરને રૂ. ૭૦ કરોડના ટેન્ડર કૉન્ટ્રેક્ટરને અપાવવામાં મદદ કરવા માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

એમએમઆરડીએની તપાસમાં જાણવા મળ્યું હતું કે એડિશનલ ચીફ એન્જિનિયર એ. કે. પહાલ અને એક્ઝિક્યુટિવ એન્જિનિયર પી. કે. વેનીએ એનએ કન્સ્ટ્રક્શનને બનાવટી દસ્તાવેજ અને વર્ક ઍક્સપિરિયન્સ સર્ટિફિકેટ પૂરા પાડ્યા હતા જેથી કૉન્ટ્રેક્ટરે હરિયાણા જેવાં રાજ્યોમાં ટેન્ડર મેળવ્યા હતા. ઉક્ત બન્ને એન્જિનિયરને સસ્પેન્ડ કરાયા હોવાના અહેવાલોને એમએમઆરડીએના કમિશનર ઉર્વિન્દર પાલ સિંહ મદાને પુષ્ટી આપી છે.

'કૉન્ટ્રેક્ટરને બનાવટી સર્ટિફિકેટ પૂરા પાડવા માટે પહાલ અને વેનીને સસ્પેન્ડ કરાયા છે. તેમની સામે વિભાગીય તપાસ શરૂ કરાઇ છે', એમ મદાને જણાવ્યું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળના એમએમઆરડીએમાં પહેલી વખત એજન્સીના વરિષ્ઠ કર્મચારીઓ સામે આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે. એમએમઆરડીએના મુખ્ય પ્રકલ્પોમાં એક મુંબઈ મેટ્રો-વનનો પણ સમાવેશ થાય છે.

એમએમઆરડીએના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે પહાલ અને વેની સામે બહુ ગંભીર પુરાવા મળી આવ્યા છે તેથી તેમની સામે છેતરપિંડીનો કેસ દાખલ થઇ શકે છે. સંબંધિત કંપનીને કૉન્ટ્રેક્ટ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર કૉંગ્રેસના વિધાનસભ્ય અસલમ શેખે જણાવ્યું હતું કે બન્ને એન્જિનિયર સામે અપરાધી કેસ દાખલ કરવા જોઇએ. તેમના દ્વારા રજૂ કરાયેલા બનાવટી દસ્તાવેજોની તપાસ થવી જોઇએ. ■




# મહારાષ્ટ્ર રેરાના ચૅરમેનપદે ગૌતમ ચેટરજીની નિમણૂક

*મુંબઈ:* મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (મહારાષ્ટ્ર રેરા)ના ચૅરમેન તરીકે રાજ્ય સરકારના ભૂતપૂર્વ બ્યુરોક્રેટ ગૌતમ ચેટરજીની નિમણૂક કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મુંબઈ રેગ્યુલેટરી ઑથોરિટીના મેમ્બર તરીકે એસીએસ (હેલ્થ)ના વી. એસ. સિંઘ તથા લૉ એન્ડ જ્યુડિશિયરી વિભાગના બી. ડી. કાપડનીસ બુધવારના તાત્કાલિક ધોરણે નિમણૂક કરવામાં આવી હોવાનું સરકારી ઠરાવમાં જણાવાયું હતું. મહારાષ્ટ્ર સરકારના હાઉસિંગ વિભાગના સચિવ તરીકે ચેટરજીએ કેટલાક વર્ષો ફરજ બજાવી હતી, જ્યારે નિવૃત્તિ પછી પણ તેમણે મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાનના ઓએસડી (ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યૂટી) તરીકે કામગીરી કરી હતી. ગયા વર્ષે સંસદમાં કેન્દ્ર સરકારે બિલ પસાર કર્યા પછી મહારાષ્ટ્ર રાજ્ય સરકારે આઠમી માર્ચના રેરાનું નિર્માણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે રિયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) અધિનિયમ ૨૦૧૬ હેઠળ સંસદમાં કાયદેસર કાયદો બનાવ્યો હતો, ત્યારબાદ પહેલી મે, ૨૦૧૭થી અમલી બનતા આ જ એક્ટ અંતર્ગત તમામ સેક્શનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. (એજન્સી)■

# પરીક્ષામાં ડમી ઉમેદવાર: વધુ બેની ધરપકડ

*મુંબઇ:* પોલીસ ભરતી માટેની લેખિત પરીક્ષા આપવા માટે આવેલા ડમી ઉમેદવારને ઝડપી પાડવામાં આવ્યા બાદ સહાર પોલીસે આ પ્રકરણે વધુ બે જણની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા બંનેની ઓળખ અનિલ જ્ઞાનેશ્વર ભીસે અને પ્રહ્લાદ નાગલટ તરીકે થઇ હતી. આ અગાઉ સહાર પોલીસે સંતોષ દાલસિંહ લાલછોંડેને ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અનિલ ભીસે પોલીસદળમાં સિપાઇના પદ માટે અરજી કરી હતી. જોકે પોલીસ ભરતી માટેની લેખિત પરીક્ષા આપવા માટે તેને ડર લાગતો હોવાથી તેણે જાલનાના રહેવાસી સંતોષ લાલ છોંટેનો સંપર્ક સાધ્યો હતો અને પોતાના સ્થાને તેને લેખિત પરીક્ષા આપવા માટે વિનંતી કરી હતી અને તેને રૂ. ત્રણ લાખની ઓફર પણ આપી હતી. રૂ. ત્રણ લાખની લાલચમાં સંતોષ પોલીસ ભરતી માટેની પરીક્ષા આપવા તૈયાર થઇ ગયો હતો. દરમિયાન ભીસેને સ્થાને લેખિત પરીક્ષા આપવા માટે સંતોષ બુધવારે અંધેરીના સહાર ગાંવમાં આવ્યો હતો. જોકે ત્યાં હાજર અધિકારીને તેના પર શંકા ગઇ હતી. અરજી કરનારા ઉમેદવારનો ફોટો અને પરીક્ષા આપવા આવેલા ઉમેદવાર એક ન હોવાની જાણ થતાં સંતોષ પાસેના દસ્તાવેજો તપાસાયા હતા અને બાદમાં તેને સહાર પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યો હતો. પૂછપરછમાં સંતોષ બીજાને સ્થાને પરીક્ષા આપવા આવ્યો હોવાનું જણાતાં તેની સામે ગુનો દાખલ કરાયો હતો અને બાદમાં તેની ધરપકડ કરાઇ હતી. ત્યાર બાદ પોલીસે આ પ્રકરણે અનિલ ભીસે અને પ્રહ્લાદ નાગલટની પણ ધરપકડ કરી હતી. ■

# રાણીબાગના પ્રવેશ શુલ્ક વધારા પર ફેરવિચારણા?

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* ભાયખલાના વીરમાતા જીજાબાઈ ઉદ્યાન અને પ્રાણી સંગ્રહાલય (રાણીબાગ)માં પૅગ્વિનને જોવા તથા મૉર્નિંગ વૉક માટેના પાસના દરમાં વધારા કરવા સામે વિરોધપક્ષ સહિત ભાજપનો વિરોધ છે. વિરોધ પક્ષની મદદથી દર વધારાના પ્રસ્તાવને ફગાવી શિવસેનાને નીચાજોણું કરવાની ભાજપે લાંબા ગાળાની યોજના બનાવી હોવાનું મનાય છે. દર વધારાનો પ્રસ્તાવ આજે સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવવાનો છે ત્યારે તેના પર મતદાન થાય તો શિવસેના એકલી પડી જાય એવી શકયતા છે. તેથી રાણીબાગના પ્રવેશ ફીમાં જે પાંચગણો વધારો કરવામાં આવવાનો છે તેમાં ઘટાડો કરવાનો સત્તાધારીઓએ પ્રયત્ન શરૂ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

પૅગ્વિનની દેખરેખ કરવાનો ખર્ચ વધી જવાને કારણે રાણીબાગની પ્રવેશ ફીમાં વધારો કરવામાં આવવાનો છે. આ દરવધારો સુધરાઈના જૂથ નેતાઓની તેમ જ બજાર અને ઉદ્યાન સમિતિની બેઠકમાં મંજૂર થઈ ગયો છે, અને હવે આ પ્રસ્તાવ સામે કૉંગ્રેસ, સમાજવાદી પાર્ટી તથા રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષનો વિરોધ છે. ત્યારે આ તક સાધીને ભાજપે પણ આ દરવધારા સામે બાંયો ચઢાવી છે. તેથી આજે સ્થાયી સમિતિમાં આ પ્રસ્તાવ મંજૂરી માટે આવે ત્યારે તેની સામે ભારે વિરોધ થાય એવી શકયતા છે. એટલું જ નહીં પણ આ પ્રસ્તાવ પર મતદાન કરવું પડે તો શિવસેનાની હાર નક્કી માનવામાં આવે છે.

સ્થાયી સમિતિમાં ભાજપ અને વિરોધપક્ષનું સંખ્યાબળ વધુ હોવાને કારણે રાણીબાગના દર વધારાનો પ્રસ્તાવ રદ થાય એવી શકયતા છે. ભાજપે પણ વિરોધપક્ષની મદદથી શિવસેનાને નીચાજોણું કરવાના પ્રયાસમાં લાગી ગઈ હોવાનું મનાય છે. ■

